# આજે પીએમ પદ માટે નરેન્દ્ર મોદીનું નામ જાહેર થશે




નવી દિલ્હી, તા.૧૨

ભારતીય જનતા પાર્ટી દ્વારા નરેન્દ્ર મોદીને આવતીકાલે વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરાય તેવી શક્યતા છે. અત્યાર સુધી આ વાતનો વિરોધ કરી રહેલા લાલ કૃષ્ણ અડવાણીને મનાવવા માટે છેલ્લી ઘડીના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે જો કે સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ જો અડવાણી નહીં માને તો પણ આવતીકાલે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરી દેવાશે. આ પહેલા પણ ગોવાની રાષ્ટ્રીય કારોબારીમાં અડવાણીએ હાજરી આપી ન હતી તેમ છતાં નરેન્દ્ર મોદીને ભાજપની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવી દીધા હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહે અડવાણીને મનાવવાની અને અડવાણી સંસદીય બોર્ડની બેઠકમાં મોદીના નામનો પ્રસ્તાવ રાખે તેવા પ્રયત્નો કર્યા હતા. અડવાણીને મનાવવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક સંકટ મોચન મનાતા એસ ગુરુમૂર્તિએ પણ પ્રયત્નો કરી ચુક્યા છે. જો કે બંનેમાંથી કોઈને સફળતા મળી નથી.અડવાણી ઉપરાંત લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ અને મુરલી મનોહર જોશી પણ ઈચ્છે છેકે પાર્ટી તરફથી વડાપ્રધાન પદના ઉમેદવારની જાહેરાત આ વર્ષના અંતે યોજાનાર પાંચ રાજ્યોના વિધાનસભાની ચૂંટણી પછી કરવામાં આવે જો કે ભાજપના મોટાભાગના નેતાઓ અને રાષ્ટ્રીય સેવક સંઘ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીના નામની જાહેરાત અત્યારે જ કરવાના પક્ષમાં છે. છેલ્લા કેટલાક દિવસથી ભાજપના ટોચના નેતાઓ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયં સેવક સઘ તરફથી અડવાણીને મનાવવાના પુરતા પ્રયત્નો કરવામાં આવે છે. ભાજપ પહેલા જ જાહેરાત કરી ચુક્યુ છે કે મોદીના નામની જાહેરાત શ્રાદ્ધ પક્ષની શરૂઆતમાં જ થશે. હવે આ નિર્ણયને પાછો ઠેલવાનો મતલબ આત્મઘાતી પૂરવાર થઈ શકે છે. ભાજપના કાર્યકર્તાઓ, અને સાથે સાથે સંસદીય બોર્ડના મોટા ભાગના સભ્યો મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાના પક્ષમાં છે જેને જોતા પાર્ટી હવે અડવાણીને મનાવવાની ચિંતા કર્યા વગર મોદીના નામની જાહેરાત કરવાનું મન બનાવી ચુકી છે. સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે અડવાણી ન માને તો પણ આવતીકાલે સંસદીય બોર્ડની બેઠક બાદ સાંજે ચાર વાગ્યે મોદીના નામની જાહેરાત કરાશે. આ માટે સંસદીય બોર્ડના તમામ સભ્યને દિલ્હીમાં હાજર રહેવા સૂચના અપાઈ છે. અને જો કોઈ સંસદીય બોર્ડનો સભ્ય હાજર નહીં રહે તો જાહેરાત નહીં અટકે. ઉલ્લેખનીય છે કે ૧૯૯૫માં અડવાણીએ સંસદીય બોર્ડની બેઠક પહેલા જ અટલ બિહારી વાજપેયીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરી દીધા હતા અને ત્યાર બાદ બેઠક બોલાવીને તેના પર સર્વસંમતિ સધાઈ હતી એટલે કે જો સંસદીય બોર્ડની બેઠક વગર પણ મોદીના વડાપ્રધાન પદના દાવેદાર જાહેરત કરવામાં આવી હતી. ભાજપની પરંપરા નહીં તૂટે.

## આસારામની મુશ્કેલી વધી ગઈ જેલનું ભોજન આરોગવું પડશે

જોધપુર, તા.૧૨

જાતીય શોષણના આરોપમાં જેલવાસ ભોગવી રહેલા આસારામને ન તો બહારનું જમવાનું મળશે ન તો કોઈ મહિલા ડોક્ટર. આસારામને ૧૫ સપ્ટેમ્બર સુધી જેલનું ભોજન આરોગવું પડશે. આસારામની અરજી પર કોર્ટે ૧૬ સપ્ટેમ્બર સુધી નિર્ણય ટાળ્યો છે.

જોધપુર સેશન્સ કોર્ટમાં આસારામે અરજી કરી હતી કે જેલનું નહીં પણ આશ્રમમાંથી જમવાનું આપવામાં આવે, સાથે જ તેમના ઈલાજ માટે તેમની અંગત મહિલા ડોક્ટરને ૨ કલાક માટે જેલમાં મોકલવામાં આવે. જોધપુર સેશન્સ કોર્ટે આસારામની પર ૧૬ સપ્ટેમ્બર સુધી નિર્ણય ટાળ્યો છે એટલે કે હવે આસારામે જેલની જ રોટલી ખાવી પડશે. ૧૬ સપ્ટેમ્બરે આસારામને કોર્ટમાં રજુ કરવામાં આવશે, કારણ કે ૧૫ સપ્ટેમ્બરે આસારામની ૧૪ દિવસની કસ્ટડી થાય છે. જાતીય શોષણનાં કેસમાં આસારામ હાલ જોધપુર સેન્ટ્રલ જેલમાં છે. તો બીજી તરફ આસારામના ગેરકાયદેસર આશ્રમો પર વહીવટીતંત્રએ કાયવાહી શરૂ કરી છે. નાસિકનાં ગંગાપુર રોડ પર આસારામનો વિશાળ આશ્રમ આવેલો છે જેનું નિર્માણ ગેરકાયદેસર થયું હોવાની ફરીયાદ મળતા જિલ્લા વહીવટીતંત્રએ આજે આશ્રમનાં ગેરકાયદેસર હિસ્સાને તોડવાની કામગીરી હાથ ધરી હતી. દરમિયાન આસારામનાં સમર્થકોએ વિરોધ કરતા પોલીસે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

## પેટ્રોલમાં પ્રતિલિટર રૂ. ૧.૫નો ઘટાડો થાય તેવી સંભાવના

નવી દિલ્હી, તા.૧૨

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલ ઘટાડો અને ડોલરની સામે રૂપિયામાં આવેલ મજબુતાઈના પગલે પેટ્રોલના ભાવમાં આગામી સપ્તાહમાં ૧.૫૦ રૂપિયા સુધી ઘટાડો થાય તેવી શક્યતા છે. જોકે ડિઝલ અને રસોઈગેસના ભાવમાં નિર્ધારિત વધારો થાય તેવી શક્યતા છે. પેટ્રોલિયમ સચિવ વિવેકરાયે જણાવ્યું હતુ કે રસોઈ ગેસમાં નિર્ધારિત વધારો રાજકીય અને આર્થિક પડકાર છે જે અંગે અમે કંઈ પણ કરી શકીએ તેમ નથી. તેમણે જણાવ્યું હતુકે આર્થિક બોજો ગ્રાહકો પર પણ પડી શકે છે. ઉત્પાદકતા પરિસંવાદને સંબોધિત કરતા વિવેકરાયે જણાવ્યું હતુ કે સરકાર સમક્ષ અનેક પડકારો રહેલા છે. સબસિડીનો બોજો સરકાર પર વધી રહ્યો છે. જેને તેલકંપનીઓ ઉઠાવી શકે તેમ નથી.



તેમણે વધુમાં જણાવ્યું હતુ કે રૂપિયાની વેલ્યુમાં ઘટાડાના પગલે આયાત મોંઘી બની છે જેના કારણે છેલ્લા બે મહિનામાં તેલની સબસિડીમાં ૨૦૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે ડિઝલમાં ૫૦ પૈસા પ્રતિલિટરથી વધારે ભાવ વધારાનો વિકલ્પ તમામ વિચારણાઓ બાદ લેવાશે. ખુદ નાણાં મંત્રી પી ચિદમ્બરમ જણાવી ચુક્યા છેકે આ નિર્ણય સરકાર સાવધાનીપૂર્વક કરશે. સરકાર સમક્ષ અનેક વિકલ્પો ઉપલબ્ધ છે જેથી કોઈ પણ નિર્ણય કરતા પહેલા સરકાર તમામ મુદ્દાઓ પર ધ્યાન આપશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં ઘટાડો અને રૂપિયાની મજબુતાઈના પગલે ૧૫ અથવા ૧૬ સપ્ટેમ્બરે પેટ્રોલના ભાવ ઘટી શકે છે. ઉલ્લેખનીય છે કે રૂપિયાના ધોવાણના પગલે અને સીરિયા પર અમેરિકાના સંભવિત હુમલાની આશંકાથી પેટ્રોલની આયાત મોંઘી બનતા પેટ્રોલના ભાવમાં આ વધારો કરાયો હતો. જો કે હવે પરિસ્થિતિ નિયંત્રણમાં આવતા પેટ્રોલના ભાવ ઘટી શકે છે.

## ઈરાકમાં આત્મઘાતી હુમલામાં ૪૫ના મોત અને ૬૩ ઘાયલ

બગદાદ, તા.૧૨

ઈરાકમાં બુધવારે હિંસાના બે અલગ અલગ બનાવોમાં ૪૫ વ્યક્તિઓના મોત નિપજ્યા છે જ્યારે અન્ય ૬૩ લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે. સરકારના અને પોલીસના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ બગદાદના કાસરા વિસ્તારની અલતેમીમી મસ્જિદમાં એક આત્મઘાતી હુમલો થયો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૩૦ વ્યક્તિઓના મોત થયા છે જ્યારે ૫૫ વ્યક્તિઓ ગંભીરરીતે ઘાયલ થયા છે. પોલીસે જણાવ્યું હતુકે આ પહેલા વહેલી સવારે ઈરાકમાં એક આત્મઘાતી હુમલામાં ચાર સૈનિકો સહિત ૧૫ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા અને આઠ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. સ્થાનિક પોલીસના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ નિનવેહના દક્ષિણમાં સ્થિત મોસુલ શહેરમાં કેટલાક હથિયારધારી શખ્સો દ્વારા હુમલો કરવાં આવ્યો હતો જેમાં એક અધિકારી સહિત ચાર સૈનિકો મોતને ભેટ્યા હતા.સૂત્રોએ જણાવ્યુ છે કે અન્ય એક હુમલામાં પ્રાથમિક સ્કૂલના આચાર્યને મોસુલ શહેરમાં આવેલ તેમના ઘરમાં જ બંદૂકધારીઓએ ગોળી મારી હત્યા કરી દીધી હતી. સમાચાર એજન્સી દાવા મુજબ દયાલા વિસ્તારમાં બગદાદથી ૬૫ કિલોમિટર દૂર બુહરૂજ શહેરમાં પોલીસ ચોકી પર બંદૂકધારીઓએ હુમલો કર્યો હતો. જેમાં ત્રણ પોલીસકર્મીઓના મૃત્યુ થયા હતા અને અન્ય ચાર પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા.

## સ્કૂલમાં ધો.૫ની વિદ્યાર્થિનીને ટોઈલેટમાં બંધ કરાતા મોત

કોલકાતા,તા. ૧૨

કોલેજોમાં રેગીંગની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે ત્યારે હવે સ્કૂલોમાં પણ રેગીંગની ઘટનાઓ સામે આવવા લાગી છે. કોલકાતામાં પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને રેગીંગના કારણે જીવ ગુમાવ્યાની ઘટના સામે આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. વિદ્યાર્થિનીની માતાએ આક્ષેપ લગાવ્યો છે કે સ્કૂલના સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦ રૂપિયા માટે તેમની લાડકીને ટોઈલેટમાં બંધ કરી દેવામાં આવી હતી.

કોલકાતાની ખ્યાતનામ ક્રાઈટ ચર્ચ સ્કૂલમાં ઓઈનઢીલા દાસ નામની વિદ્યાર્થિની અભ્યાસ કરતી હતી. ૪ સપ્ટેમ્બરના રોજ આ વિદ્યાર્થિનીને શાળાના કેટલાક સિનીયર વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦ રૂપિયા ન આપતા ટોઈલેટમાં બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સિનિયર વિદ્યાર્થીઓ ભૂલી ગયા હતા કે ઓઈલઢીલાને ટોઈલેટમાં બંધ કરવામાં આવી છે અને સ્કૂલ છુટ્યા બાદ તેઓ ઘરે જતાં રહ્યા હતા. બીજા દિવસે વહેલી સવારે સફાઈ કર્મચારીએ ટોઈલેટમાં વિદ્યાર્થિનીના રોવાનો અવાજ સાંભળી દરવાજો ખોલ્યો હતો. જો કે આ આઘાતના કારણે વિદ્યાર્થિની ગંભીર માંદગીમાં પટકાઈ હતી અને તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

જો કે એક સપ્તાહની લડાઈ બાદ અંતે વિદ્યાર્થિનીએ જીવન સામેના જંગમાં હાર થઈ ગઈ હતી. માસૂમ ઓઈનઢીલાના મોતથી તેની માતા અત્યારે આઘાતમાં છે. તેની માતાએ આક્ષેપ કર્યો છે કે તેમની લાડકીના મૃત્યુ માટે સ્કૂલની બેદરકારી જવાબદાર છે. ઓઈનઢીલાની મા રેખા દાસે જણાવ્યું છે કે મારી બાળકી સ્કૂલમાં ટોઈલેટ કરવા ગઈ ત્યારે કેટલીક સિનિયર વિદ્યાર્થીઓએ તેની પાસે ૧૦૦ રૂપિયા માગ્યા હતા. જો કે તે ૧૦૦ રૂપિયા ક્યાંથી લાવે. જેથી તે વિદ્યાર્થીઓએ મારી બાળકીને ટોઈલેટમાં બંધ કરી દીધી હતી. વિદ્યાર્થીના કાકા અલાકેદાસે જણાવ્યું હતું કે ઘટના બાદ બાળકી ડરી ગઈ હતી અને સદ્મામાં હતી. જયારે ઓઈલઢીલાના મામા અભિજીત કોષે સ્કૂલ સામે લાપરવાહીનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિશ્વાસ નથી થતો કે ૫માં ધોરણમાં ભણનાર વિદ્યાર્થી સામે પણ રેગીંગની ઘટના બને. જો કે જે પરિસ્થિતિમાં ઓઈલઢીલાનું મોત થયું છે તે બીજુ કોઈ વિચારવાની જગ્યા રાખતું નથી.

## ચલણી નોટોની માળા ન બનાવવા આરબીઆઈની અપિલ

મુંબઈ,તા. ૧૨

ભારતીય રિઝર્વ બેંકે દેશને સામાન્ય લોકોને અપીલ કરી છે કે તેઓ રાષ્ટ્રીય ચલણનું સન્માન કરે અને તેનો ઉપયોગ માળા બનાવવા અથવા સામાજિક કાર્યક્રમોમાં કોઈના ઉપર ફેંકવા માટે ન કરે. ઉલ્લેખનીય છે કે ડાયરાઓ, લગ્ન અને રાજકીય રેલીઓમાં ઉમેદવારો, વરરાજા કે કલાકારો ઉપર રૂપિયાની નોટો ઉછાળવાનો રિવાઝ સામાન્ય બની ગયો છે જેને ધ્યાનમાં રાખી આરબીઆઈએ નોટોનો ઉપયોગ માળાઓ બનાવવા, લગ્નમંડપ સજાવવામાં, કે કોઈના ઉપર ફેંકવા માટે ન કરવાની સલાહ આપી છે. આરબીઆઈએ જણાવ્યું છે કે આ રીતે નોટોનો ઉપયોગ કરવાથી નોટો ખરાબ થાય છે અને તેનું આયુષ્ય ઘટી જાય છે. વધુમાં આરબીઆઈએ જણાવ્યુંહતુંકે રાષ્ટ્રીય ચલણની નોટોનું સન્માન કરવું જોઈએ. કારણ કે તેના ઉપર રાષ્ટ્રીય મુદ્રા અને રાષ્ટ્રપતિના પ્રતિક અંકિત છે.

**સમાજવાદી પાર્ટીનો આક્ષેપ**

## ચૂંટણી પહેલાં કોમી તોફાનો કરાવવા માટે ભાજપ સક્રિય

### સમાજવાદી પાર્ટીએ દેશની દુર્દશા માટે ભાજપ-કોંગ્રેસને જવાબદાર ગણાવ્યા : કોમી હિંસા રોકવા કમીટી રચાઈ

આગ્રા,તા. ૧૨

સમાજવાદી પાર્ટીએ મુજફ્ફરનગર હિંસા મામલે ભારતીય જનતા પાર્ટી ઉપર નિશાન ટાક્યું છે. સપાએ આરોપ લગાવ્યો છે કે ભાજપ ચૂંટણી પહેલા કોમી રમખાણો કરાવવાના શક્ય બને તે તમામ પ્રયાસ કરશે. આગ્રા ખાતે ચાલી રહેલી સમાજવાદી પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારીણી બેઠકમાં રાજનીતિક રાષ્ટ્રીય પ્રસ્તાવ રજૂ કરતા સપાના રાષ્ટ્રીય મહાસચિવ રામગોપાલ વર્માએ આ આક્ષેપ કર્યો હતો. જેમાં જણાવાયું હતું કે દેશની દુર્દશા માટે ભાજપ અને કોંગ્રેસ બંને જવાબદાર છે. મોંઘવારી અને ભ્રષ્ટાચાર કોંગ્રેસના શાસનમાં વધ્યા છે જેનો જન્મ ભાજપની આગેવાનીવાળી એનડીએ સરકારમાં થયો હતો. કુલ સાત પાનાના આ પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું છે કે લોકસભા ચૂંટણી નજીક છે ત્યારે ભાજપ અને તેના સહયોગી દળો દેશમાં સાંપ્રદાયિક હિંસા પેદા કરવા માગે છે. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશમાં વિશ્વ હિંદુ પરિષદનો ઉપયોગ કરી ભાજપે ૮૪ કોષી પરિક્રમાના નામ પર સાંપ્રદાયિક એકતાને તોડવાનો પ્રયત્ન કર્યો હતો.

જો કે અખિલેશ સરકારે તેમનો આ પ્રયત્ન નિષ્ફળ બનાવ્યો હતો. ઉત્તર પ્રદેશમાં અયોધ્યા, મથુરા અને કાશી જેવા ધાર્મિક દૃષ્ટિએ મહત્વના હોવાથી સાંપ્રદાયિક શક્તિઓ માટે હિંસા ફેલાવવા માટે શોફ્ટ ટાર્ગેટ માનવામાં આવે છે. આવી તાકાતો નાની નાની વાતો ઉપર તણાવ ઊભો કરી સરકારને બદનામ કરવાનો પ્રયત્ન કરી રહી છે. સપાએ પોતાના નેતાઓ અને કાર્યકર્તાઓને આવા અસામાજિક પ્રયત્નોને નિષ્ફળ બનાવવા લોકો વચ્ચે જઈ સાંપ્રદાયિક ભાઈચારો વધારવા માટે અપીલ કરી છે. સાથે જ પાર્ટીએ કાર્યકર્તાઓની ભાઈચારા કમીટિ બનાવવાની જાહેરાત કરી છે. આ કમીટી ગામે ગામ સાંપ્રદાયિક હિંસા ફેલાવનાર પ્રયત્નોને નિષ્ફળ બનાવશે.

## શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ-માતૃભાષા શિક્ષણ

(પાના નં. ૪ નું ચાલુ)

**(૫) રાષ્ટ્રભક્તિ**

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર સુરેશ દલાલ કહે છે -

"જે સહજ છે તેનું શાસ્ત્ર ન હોય."

... અને છતાં આજે રાષ્ટ્રભક્તિ એટલી સહજ અનુભવાતી નથી તેથી એનું શાસ્ત્ર સર્જવાની પણ જરૂર છે. અનેક સાહિત્યકારોએ રાષ્ટ્રભક્તિને સાહિત્યસર્જનનો વિષય બનાવ્યો છે. આપણા પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં ઘણી જગ્યાએ નાની નાની પણ મહામૂલ્યવાન સૂક્તિઓ ઉપલબ્ધ છે. જેમ કે -

રાષ્ટ્રે જાગૃતામ્ વયમ્ ।.... વયમ્ અમૃતસ્ય પુત્રાઃ ।...

માતા ભૂમિઃ પુત્રોઽહં પૃથિવ્યાઃ ।... વસુધૈવ કુટુમ્બકમ્ ।

આપણા વિશાળહૃદયી પૂર્વજોએ આખી વસુધાને કુટુંબ માન્યું હતું... પણ એક ગુજરાતી ચિંતકે વ્યથા વ્યક્ત કરી છે -

વસુધા આખી એક કુટુંબ છે -

પણ શું કુટુંબમાં વસુધાની મહેક છે?

સંકેત એવો છે કે દરેક કુટુંબ રાષ્ટ્રભક્તિની મહેકથી મહેકતું હોવું જોઈએ, કારણ કે પરિવાર એ રાષ્ટ્રનું લઘુરૂપ છે.

વ્યક્તિ અને રાષ્ટ્રનો સંબંધ જોડતી ગુજરાતી ભાષાની સુંદર બે પંક્તિ છે -

રાષ્ટ્ર વિરાટ સાગર છે, વ્યક્તિ એક બુંદ;

રાષ્ટ્ર પ્રકાશનો પુંજ છે, વ્યક્તિ એક કિરણ.

વ્યક્તિનો વિકાસ રાષ્ટ્રના વિકાસમાં નિહિત છે... અને રાષ્ટ્રનો વિકાસ વ્યક્તિ - વ્યક્તિના પુરૂષાર્થના સરવાળા બરાબર છે. એક સુંદર સમીકરણ સમજવા જેવુ છે -

રાષ્ટ્રભક્તિ + રાષ્ટ્રગૌરવ + ભારતીય ભાષાઓ માટે અનન્ય પ્રેમ = રાષ્ટ્રચેતના.

માતૃભાષા, રાષ્ટ્રભાષા અને અન્ય ભારતીય ભાષાઓ પ્રત્યે અનન્ય પ્રેમ એ રાષ્ટ્રના વિકાસની ગુરૂચાવી છે. કારણ કે આપણી ભાષા આપણને આપણી ધરતી, પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે જોડે છે... આપણામાં સ્વત્વ અને સ્વેદેશાભિમાન જગાડે છે. શ્રી ગુણવંત શાહ કહે છે - "ભાષા જાય તો સંસ્કૃતિ જાય." સંસ્કૃતિ રાષ્ટ્રની પ્રાણશક્તિ છે. તેથી ભાષા અને રાષ્ટ્રભક્તિનો સીધો સંબંધ છે. આપણી ભાષા રાષ્ટ્રના જન-જનને જોડનારો સેતુ છે.

(ક્રમશઃ)

## શિવસેનાના સાંસદ ધૂત સામે મહિલાની છેડતીનો આરોપ

મુંબઈ,તા. ૧૨

શિવસેનાના સાંસદ અને વિડીયો કોન ઈન્ડસ્ટ્રીના મેનેજિંગ ડાયરેક્ટર રાજકુમાર ધુત સામે મહિલા સાથે છેડતી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. એફઆઈઆરના જણાવ્યા મુજબ ૪૦ વર્ષની એક મહિલાએ ધૂત સામે શારીરિક છેડછાડનો આરોપ લગાવ્યો છે. પોલીસે પહેલાં મહિલાની ફરિયાદની ના પાડી હતી. જો કે મામલો કોર્ટમાં પહોંચતા દખલગીરી બાદ ધૂત સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે જણાવ્યું છે કે અત્યારે સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે. જ્યારે બીજી બાજુ મહારાષ્ટ્રથી રાજ્યસભાના સાંસદ રાજકુમાર ધૂતે પોતાના ઉપર લગાવાયેલા આરોપોને છોટા લગાવ્યા હતા. ધૂતે જણાવ્યું હતું કે મહિલા પૈસાની લાલચમાં તેમના પર ખોટા આક્ષેપો કરી રહી છે. જ્યારે મહિલાના જણાવ્યા મુજબ રાજકુમાર ધૂત ત્રણ ઓગસ્ટે તેના ઘરે આવ્યા હતા. આ દરમિયાન તેમણે શારીરિક છેડછાડ કરી હતી. મહિલાએ જણાવ્યું છે કે તેમણે આ પહેલા પણ ધૂત સામે પોલીસ ફરિયાદ નોંધાવવા પ્રયત્ન કર્યો હતો. જો કે શરૂઆતમાં ફરિયાદ નોંધવાની ના પાડી દીધી હતી.

## સેન્સેક્સમાં ૨૧૫ પોઈન્ટની નરમાઈથી રોકાણકારો ચિંતિત

### છેલ્લા પાંચ દિવસથી શેરબજારમાં જોવા મળતી તેજી પર બ્રેક : મેડકેપ કંપનીના શેરમાં ૦.૭૫ ટકા ઘટાડો નોંધાયો

મુંબઈ, તા.૧૨

ભારતીય બજારોમાં આજે ડોલર સામે રૂપિયામાં પણ નરમાઈ રહી હોવાથી અને રોકાણકારોમાં પ્રોફિટ બુકીંગ કરવામાં આવ્યું હોવાથી ભારતીય શેરબજારમાં છેલ્લા પાંચ દિવસથી જોવા મળતી તેજીને આજે બ્રેક લાગી ગઈ છે. ભારતીય શેરબજારમાં આજે સેન્સેક્સમાં ૨૧૫ પોઈન્ટ અને નિફ્ટીમાં ૬૨ પોઈન્ટની નરમાઈ જોવા મળી હતી. અગ્રણી કંપનીના શેરની સાથે સાથે મિડકેપ કંપનીના શેરમાં ૦.૭૫ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો હતો, જ્યારે સ્મોલકેપ શેર તેજી સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સમાં ૨૧૫ પોઈન્ટનો ઘટાડો આવીને ૧૯,૭૮૨ અને નિફ્ટીમાં ૬૨ પોઈન્ટની નરમાઈ આવીને ૫૮૫૧ની સપાટી જોવા મળી હતી. મેટલ શેર ૨.૫ ટકા સુધી તુટ્યા હતા. બેન્ક કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઓટો શેરમાં બે ટકા સુધીની નરમાઈ જોવા મળી હતી. ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ, કેપિટલ ગુડસ ટેક્નોલોજી અને આઈટી શેરમાં ૧.૭ ટકા સુધીની નરમાઈ જોવા મળી હતી.

મેટલ, બેંક, કંઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ એન્ડગેસ, પીએસયુ, કેપિટલ ગુડઝ, ટેકનોલોજી અને આઈટી સ્ટોકમાં વેચવાલી નોંધાઈ જ્યારે પાવર અને એફએમસીજી સ્ટોકમાં સ્ટોકમાં સામાન્ય ખરીદારી હતી. હેવીવેઈટ સ્ટોકમાં ઈન્ડસઈન્ડ બેંક, ટાટા સ્ટીલ, ભેલ, ઓએનજીસી, હીરો મોટોકોર્પ, મારૂતિ સુઝુકી, ગ્રાસિમ, બીપીસીએલ, હિંદીલ્કો, એસીસી, અંબુજા સિમેન્ટસ, સેસા ગોવા, એચયુએલનાં સ્ટોકમાં ૨ થી ૫ ટકાનો ઘટાડો નોંધાયો. ઈન્ડિયાબુલ્સ રિયલ એસ્ટેટ ૩.૫ ટકા અને એમએન્ડએમ ફાયનાન્સિયલ ૧ ટકા સુધી તુટ્યો.

ટાટા પાવરના સ્ટોકમાં ૪ ટકાની તેજી હતી. આઈટીસી, ગેઈલ ઈન્ડિયા, રેનબેક્ષી, લ્યુપીન અને સીપ્લાના સ્ટોકમાં ૩ ટકા સુધીની તેજી નોંધાઈ. આઈડીએફસીનો સ્ટોક ૨.૫ ટકા વધ્યો. એબીએ એમસીએક્સ-એસએક્સમાં લાયસન્સની ૧ વર્ષની મુદત વધારી છે, જેથી એમસીએક્સનાં સ્ટોકમાં ૫ ટકા અને ફાયનાન્સીયલ ટેકનાં સ્ટોકમાં ૧૮ ટકાની તેજી હતી. ઉલ્લેખનીય છે કે ભારતીય શેરબજારમાં આજે રૂપિયો ડોલર સામે મજબુતી સાથે ખુલ્યો હતો. કારણ કે બપોર સુધી બજાર જળવાયેલા રહ્યા હતા પરંતુ ઈન્ડો-ડે દરમિયાન રૂપિયાની નરમાઈના કારણે શેરબજારમાં પણ નરમાઈ જોવા મળી હતી.

## હિન્દી ભારતની રાષ્ટ્રભાષા નહીં માત્ર વહીવટીય ભાષા છે

લખનૌ,તા. ૧૨

ભારતના મોટાભાગના લોકો હિંદીને પોતાની રાષ્ટ્રભાષા માને છે. દેશની મોટાભાગના લોકો હિંદી સમજે છે અને અડધો અડધ વસ્તી હિંદી બોલે છે. જો કે એ પણ સત્ય છે કે હિંદી દેશની રાષ્ટ્રભાષા નથી. લખનૌના આરટીઆઈ કાર્યકરતા ઉર્વશી શર્માને ગૃહમંત્રાલય દ્વારા મળેલ માહિતી મુજબ ભારતીય બંધારણના અનુસંધાન ૩૪૩ મુજબ હિંદી ભારતની રાજભાષા એટલે કે રાજકીય કામો કરવા માટેની ભાષા માત્ર છે. ભારતીય બંધારણમાં રાષ્ટ્રભાષાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

વર્ષ ૧૯૪૭થી ૨૦૧૩ સુધી દેશમાં હિંદીના પ્રચાર અને પ્રસાર અંગે જાણકારી મેળવવા માટે ઉર્વશી શર્માએ આરટીઆઈ કરી હતી. આ અંગે અરજી પ્રધાનમંત્રી કાર્યાલયથી ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગમાં, રાજભાષાથી માનવ સંશાધન વિકાસ મંત્રાલય અને માનવ સંશાધન વિકાસ મંત્રાલય તરફથી કેન્દ્રીય હિંદી સંસ્થાન આગ્રા, કેન્દ્રીય હિંદી સંસ્થા મહેસૂરના માહિતી અધિકારીઓ પાસે પહોંચી હતી. ઉર્વશી શર્માએ જણાવ્યું હતું કે એ દુર્ભાગ્ય ગુણ છે કે હિંદીના નામ પર મોટી મોટી વાતો કરનાર ભારત સરકાર આરટીઆઈ અરજીના સાત મહિના પછી પણ દેશમાં હિંદીના પ્રચાર, પ્રસાર અંગે જાણકારી આપી શકી નથી. તેમની અરજી માત્ર એક મંત્રાલયથી બીજા મંત્રાલયમાં સ્થળાંતર કરવામાં આવી રહી છે. વિદેશ મંત્રાલયના નિર્દેશક મનીષ પ્રભાત દ્વારા ૨૧ ફેબ્રુઆરીએ ઉર્વશી શર્માને એક પત્ર લખવામાં આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે વર્ષ ૧૯૪૭થી ૧૯૯૪ સુધી દેશમાં પ્રચાર અને પ્રસારની માહિતી સરકાર પાસે નથી. ઉર્વશીએ જણાવ્યું હતું કે હિંદીના નામ પર મસ્ત મોટા ભાષણો આપનાર ભારત સરકાર પાસે ૩૬ વર્ષ સુધી હિંદીના પ્રચાર અને પ્રસાર કેટલો થયો તેની માહિતી જ નથી. ભારત સરકાર તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ નાણાંકીય વર્ષ ૧૯૮૪-૮૫થી વર્ષ ૨૦૧૨-૧૩ સુધી હિંદીના વિકાસ માટે મોટા પ્રમાણમાં ખર્ચો કરવામાં આવ્યો છે જેમાં વર્ષ ૨૦૦૭-૦૮માં રૂપિયા ૬૮,૫૪,૮૦૦૦નો ખર્ચો કરવામાં આવ્યો છે. જ્યારે ચાલુ વર્ષે ૫૦,૦૦,૦૦૦નો ખર્ચ થઈ ચૂક્યો છે. ભારત સરકારના આ ખુલાસાથી ઉર્વશીને મોટો ઝાટકો લાગ્યો છે અને તેમને હિંદીને રાષ્ટ્રભાષાનો દરજ્જો અપાવવા અને દેશ વિદેશમાં હિંદીનો પ્રચાર પ્રસાર કરવા માટે બજેટ વધારવા માટે પ્રયત્નો કરવાનો સંકલ્પ કર્યો છે.